# ભિલોડા તાલુકામાં બીએસએનએલ અને મોબાઈલ નેટવર્કના ધાંધીયા

**બી.એસ.એન.એલ.ના ગ્રાહકો ભાડા ભરીને થાક્યા : ભિલોડા તાલુકાના ટોરડા, ભાણમેર, બુઢેલી વિસ્તારના અનેક ગામમાં બી.એસ.એન.એલ.ના લેન્ડલાઈન ટેલીફોન મુર્છીત હોવાથી ગ્રાહકો પારાવાર મુશ્કેલીમાં મુંકાયા**

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટોરડા, ભાણમેર, કુશાલપુરા, બુઢેલી સહિત અમુક ગામોમાં છેલ્લા કેટલાક સમયથી બી.એસ.એન.એલ.નેટવર્ક મળતું જ નથી? બી.એસ.એન.એલ. ટેલીફોન બિન ઉપયોગી પુરવાર થઈ રહ્યા છે. બી.એસ.એન.એલ. લેન્ડલાઈન ટેલીફોન શોભાના ગાઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.ભિલોડા તાલુકાના ટોરડા ગામના સામાજીક કાર્યકર અરૂણભાઈ રાવલએ ભિલોડા બી. એસ.એન. એલ. ઓફીસમાં જવાબદાર અધિકારીઓને આ બાબતે વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરી તેમ છતાં કોઈ સાંભળતું જ નથી તેમ જાણવા મળેલ છે. બી.એસ.એન.એલ. ઓફીસમાં એ.સી. ચેમ્બરોમાં આરામ ફરમાવતા અમુક જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.આ વિસ્તારના ટેલીફોન ધારકોના જણાવ્યા મુજબ બી.એસ.એન.એલ. લેન્ડલાઈન ટેલીફોન ઉપયોગી બને તેવું સમારકામ પણ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા કરાતું નથી.છેલ્લે કંટાળી ઘણા ગ્રાહકોએ બી. એસ. એન. એલ. લેન્ડલાઈન ટેલીફોનના કનેકશન પણ રદ કરાવી દીધા છે.સંદેશા વ્યવહાર ક્ષેત્રની કંપનીઓમાં આજે તો ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે ત્યારે ભારત સંચાર નિગમ લી.હજુ નહી સુધરેંગેની કેસેટ વગાડ્યે રાખે છે. ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર બીએસએનએલમોબાઈલ નેટવર્કના ટાવરો હોવા છતાં ભિલોડા તાલુકામાં બી. એસ. એન. એલ.નેટવર્કની ગંભીર સમસ્યા હોવાનું આભારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.બી. એસ. એન. એલ.ના વર્ષો જુના અમુક ગ્રાહકો બી. એસ. એન. એલ.ને રામ રામ કરી પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે. દર મહિને તોતીંગ ભાડા ભરવા છતાં બી. એસ. એન. એલ.નું નેટવર્ક ના મળે અને કોઈ ના સાંભળે તે કેમ ચાલે?આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના ગ્રામ્યવિસ્તારોમાં ઠેર-ઠેર બી. એસ. એન. એલ. લેન્ડલાઈન ટેલીફોન બંધ રહેતા હોવાથી ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ભિલોડા તાલુકાના ટોરડા,ભાણમેર,કુશાલપુરા,બુઢેલી સહિત અનેક ગ્રામ્ય વિસ્તારોમાં બી. એસ. એન. એલ.ના લેન્ડલાઈન ફોન બંધ હાલતમાં છે. બી. એસ. એન. એલ.ઓફીસના જવાબદાર અધિકારીઓ ધ્વારા લેન્ડલાઈન ફોનની ઘંટડીઓ ધમધમતી કરવા માટે સત્વરે સમારકામ હાથ ધરવામાં નહી આવે તો મોટા ભાગના બી. એસ. એન.એલ.ના ગ્રાહકો લેન્ડલાઈન ટેલીફોનના બંધ ડબલાં જમા કરાવી દેશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# મોડાસામાં અરવલ્લીની પ્રથમ બાળબેંકનો ધમધમાટ

**: ત્રણ લાખ રૂપિયાનું ભંડોળ એકઠુ : બાળ સભાસદોને શીખવાડાય છે કરકસરના પાઠ : ૧ દિવસથી માંડીને ૧૮ વર્ષ સુધીની ઉંમરના ખાતેદારો જોડાયા**


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૧૧

હજુ મૂંછનો દોરોયે ન ફૂટ્યો હોય એવા ટબુડિયાઢબુડિયાઓ પૈસા લેવા મૂકવા માટેની સ્લીપો ભરતા હોય અને હોંશે હોંશે પોતાની બચતનો વહીવટ પોતે જ કરવા માંડ્યા હોય તે દ્રશ્ય કેવું લાગે. બેશક, નયનરમ્ય અને આંખોને ગમી જાય એવું જ હોવાનું. મોડાસામાં આવું દ્રશ્ય હવે જોઈ શકાય છે. કારણ કે, અહીંયા અરવલ્લી જિલ્લાની પ્રથમ બાળબેંકની સ્થાપના થઈ છે અને ૮ માસથી આ બેંકમાં કાર્યરત પણ થઈ ગઈ છે. આ બાળબેંકના નાનકડાંનાનકડાં ૮૦૦ સભાસદોએ મળીને ૩ લાખ રૂપિયાનું ભંડોળ પણ ભેગું કરી લીધું છે. નોંધપાત્ર છેકે, વર્ષ ૨૦૦૯માં સાબરકાંઠાના ઈડરમાં શરૂ કરાયેલી પ્રથમ બાળબેંકમાં આજે ૭ હજાર બાળ સભાસદોએ રૂ.૩ કરોડની બચત જમા કરાવી છે.

બાળબેંક જરૂર પડે ઉચ્ચ અભ્યાસ માટે લોન પણ પૂરી પાડે છે. બાળબેંકના વહીવટકર્તા અશ્વિન પટેલ અને જીગીશા પટેલના જણાવ્યા મુજબ, બાળકોની જમા બચત ઉપર બેંક દ્વારા વાર્ષિક ૮ ટકા લેખે વ્યાજ આપી ૧૮ વર્ષે પાકતી રકમ બાલ સમૃધ્ધિ ડિપોઝિટ તરીકે ચૂકવાય છે. જેથી બાળકમાંથી બનેલો યુવાન તેની જેતે સમયની જરૂરિયાતો પોતે જ પૂરી કરી શકે અને અન્યો પર અવલંબિત ના રહેવું પડે.

બાળ બેંકમાં અશ્વિન પટેલ (હફસાબાદ), લક્ષ્મી પંચાલ અને જીગીશા પટેલ અન્ય બેંકોની જેમ મોડાસા, માલપુર અને મેઘરજ પંથકમાંથી રોજબરોજ આવતી બાળ બચતને જમા કરવા સહિતની વહીવટી કામગીરી કરે છે. લક્ષ્મીબેનના જણાવ્યા મુજબ, બાળબેંકમાં ખાતેદાર બાળકને વીજળી, ઈંધણ, અન્નનો સંયમપૂર્વક ઉપયોગ કરવા, તેમજ વેકેશનમાં ખેતીકામ, પશુપાલન અને વાલીના ધંધારોજગારમાં મદદ કરવાનો સંકલ્પ લેવડાવી બચતની તાલીમ આપીએ છીએ.

## બાળબેંકનો વિચાર અહીંથી પ્રગટ્યો

માટીના ગલ્લામાં કરેલી થોડાક પૈસાની બચતથી જયારે બાળકની બિસ્કીટ ખાવાની ઈચ્છા સંતોષાતી ઈડર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ (લાલોડા)એ નજરે જોઈ કે તુરંત તેમને વિચાર આવ્યો કે બાળકોમાં બચત અને કરકસરની ભાવના તો જન્મજાત હોય છે પરંતુ જરૂર છે તેને કેળવવાની. અને પછી તો અશ્વિનભાઈએ પ્રયત્નો હાથ ધર્યા, ગુગલ ઉપર છ માસ સુધીનો સર્વે અને તત્કાલીન જિલ્લા રજીસ્ટ્રાર જે.જી.પંડયાના માર્ગદર્શનથી ઈડરમાં વર્ષ૨૦૦૯માં અસ્તીત્વમાં આવી રાજયની પ્રથમ બાળબેંક.

# ઊંઝામાં ટેમ્પોની ટક્કરે રાહદારીનું કરૂણ મોત

ઊંઝા, તા. ૧૧

ઊંઝા ખાતે કામલી રોડ પરથી પસાર થતા એક રાહદારી ડુંગરભાઈ ભુરાભાઈ પરમારને એક છોટા હાથીના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને ટક્કર મારતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી સારવાર અર્થે ધારપુર પાટણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજ્યુ હતુ. આ અંગે ઊંઝા પોલીસે છોટા હાથી નં. જીજે-૨-ઝેડ-૭૬૮૧ના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં નાગણેશ્વરી માતાજીનો પાટોત્સવ ઉજવાયો


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્માના નાગણેશ્વરી માતાજી સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંબિકા માતાજી મંદિરમાં પ્રતિષ્ઠિત મા નાગણેશ્વરી માતાજીનો પાંચમો પાટોત્સવ અને નવચંડી મહાયજ્ઞ મહોત્સવનું સોમવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાઠોડ કુળના કુળદેવી નાગણેશ્વરી માતાજીની શોભાયાત્રામાં રાઠોડ રાજપૂત પરિવારો જોડાયા હતા. આ પ્રસંગે નવચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ દંપતીઓએ ધર્મ લાભ લીધો હતો. પાટોત્સવ અને નવચંડી વડાલીના શાસ્ત્રી ગીરીશભાઈએ શાસ્ત્રોકત વિધિથી સંપન્ન કરાવ્યા હતા. સમાજના ધો-૧૦ અને ૧૨માં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે રાસ ગરબા વૃંદ દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નાગણેશ્વરી માતાજી સેવા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા સમગ્ર સમાજે જહેમત ઉઠાવી હતી.

# ઊનાવા ગામે સમી સાંજે બાઈકની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૧

ઊંઝા નજીકના ઉનાવા ગામે મીરાંદાતારની દરગાહ આગળ પાર્ક થયેલ હિરોહોન્ડા મોટર સાયકલની સાંજના સમયે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

ઉનાવાના સુખડીયા મિતેષકુમાર હર્ષદભાઈએ મીરાંદાતારની દરગાહ આગળ પોતાનું હિરો હોન્ડા મોટર સાયકલ નં. જીજે-૨-એવી-૩૮૨૦ પાર્ક કર્યુ હતુ. જેની સાંજના સમયે કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ બાઈકની કિંમત રૂપિયા ૨૮,૦૦૦ની થવા જાય છે. આ બનાવ અંગે ઊંઝો પીલોસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝાના રણછોડપુરા પાસે મહિલાને નશાયુક્ત પદાર્થ રૂમાલમાં સુંઘાડી ગઠીયો સોના-ચાંદીના દાગીના લઈ છૂમંતર

ઊંઝા, તા. ૧૧

ઊંઝા તાલુકાના રણછોડપુરા અને દાસજ વચ્ચે શાકભાજી વેચવા જઈ રહેલ એક ગરીબ વર્ગની મહિલાને બાઈક પર આવેલ ત્રણ અજાણ્યા શખ્સોને નશાયુક્ત પદાર્થવાળો રૂમાલ સુંઘાડી બેહોશ કરી દિધી હતી અને તેણીના શરીર પરથી સોના ચાંદીના દાગીનાઓ કાઢી લઈ નાછી છૂટ્યા હોવાનો બનાવ બનતાં ધોળા દિવસે મહિલાઓની સુરક્ષા સામે સવાલો ઉઠ્યા છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના રણછોડપુરા ગામે રહેતા જશીબેન ગંગારામ દેવીપૂજક ઉં.વ. ૪૫ શાકભાજીનો વેપાર કરતા હોઈ બપોરના સમયે શાકભાજી વેચવા માટે નજીકના દાસજ ગામે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં બાઈક પર સવાર થઈને આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેણીની નજીક આવી નાક આગળ કોઈ નશાયુક્ત પદાર્થવાળો રૂમાલ સુંઘાડ્યો હતો. જેથી આ મહિલા બેહોશ જેવી હાલતમાં મુકાઈ જતાં આ ઠગ ટોળકી મહિલાના શરીરે પહેરેલ બે પગના ચાંદીના કડલાં તેમજ બંને કાનમાંથી સોનાની બુટ્ટીઓ કાઢી લઈ ક્યાંક નાસી છૂટ્યા હતા. ચોરાયેલ દાગીનાઓની કિંમત રૂ. ૨૫ હજારની થવા જાય છે.

આ બનાવ અંગે મહિલાની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# સરીપડા ગામે સ્થિત નારસુંગાવીર મહારાજનું આઠસો વર્ષ જુનું મંદિર આસ્થાનું પ્રતિક

પાલનપુર, તા.૧૧

પાલનપુર તાલુકા ના સરીપડા ગામે આવેલું આ છે નારસુંગા વીર મહરાજ નું મંદિર.૮૦૦ થી ૧૦૦૦ વર્ષ જુના આ મંદિર પ્રત્યે ભક્તો ની અતુટ આસ્થા છે,,બીજા શબ્દો માં કહીએ તો આસ્થા નું અદકેરું સ્થાન છે નારસુંગા વીરમહારાજ નું મંદિરમ. અહી દર પાંચમે ભક્તો ની ભારે ભીડ જામે છે, પંચમ ના દિવસે ભક્તો પોતાની બાધા પૂર્ણ કરવા દુર દુર થી અહી આવે છે,,,અને તેથી જ તો દર પાંચમે અહી મેળા જેવો માહોલ હોય છે,,જેના લીધે આસપાસ ના ૧૦૦ થી વધુ પરિવારો અહી પાથરણાં લગાવવા થી રોજગારી પણ પ્રાપ્ત થઈ રહી છે,,નાર સુંગા વીર મહરાજ ના દર્શન માટે લોકો ગુજરાત ના ખૂણે ખૂણે થી અહી આવતા હોય છે,,આ ઉપરાંત મુંબઈ, રાજસ્થાન સહીત ના રાજયો માંથી પણ વીર મહારાજ ના દર્શને દર્શનાર્થી ઓ આવતા હોય છે.. કહેવાય છે કે નાર સુંગા વીર મહારાજ સાક્ષાત ભગવાન નું સ્વરૂપ હોવા થી તેમની માનતા માનનાર કોઈ જ વ્યક્તિ કદી નિરાશ જતો નથી, દરેક જગ્યા એ થી નિરાશ થયેલ વ્યક્તિ ની પણ મનોકામના વીર મહારાજ ના દર્શન માત્ર થી પૂર્ણ થઈ જાય છે,,એટલું જ નહિ કુવારી કન્યા ઓ ના વર પ્રાપ્તિ નો પ્રૅ હોય કે પછી કોઈ મહિલા ને સંતાન સુખ પ્રાપ્ત ના થતું હોય,,તેવા તમામ વ્યક્તિ ઓ અહી પાંચ પાંચમ ભરે તો તે સારો પતિ તેમજ સંતાન નું સુખ અચૂક પ્રાપ્ત થાય છે.... અહી દર પાંચમે મહિલા ઓ મોટી સંખ્યા માં સંતાન પ્રાપ્તિ માટે આવતી હોય છે, ૮૦૦-૧૦૦૦ વર્ષ પહેલા ગાયો ની રક્ષા માટે શહીદી વહોરનાર નારસુંગા વીરમહારાજ ના દર્શને દર પાંચમે હજ્જારો ની સંખ્યા લોકો દર્શનાર્થે આવતા હોય છે, ગુજરાત ના ખૂણે ખૂણે થી આવતા ભક્તો ની મનોકામના પૂર્ણ થતાં તેઓ માનતાબાધા છોડવા મંદિરે આવતા હોય છે,,ખાસ કરી ને સંતાન પ્રાપ્તિ ના થતી હોય તેવ દંપતી ઓ ને અહી ના દર્શન માત્ર થી સંતાન નું સુખ મળતું હોવા થી તેઓ પણ બાળક ને લઈ ને મંદિરે આવતા હોય છે... વરસો પહેલા અહી એક નાનકડી ડેરી જ હતી, પરંતુ સ્થાનિક ભક્તો ની મુશ્કેલી ઓ દુર થવા લાગતા ધીરે ધીરે નારસુંગા વીર મહારાજ પ્રત્યે લોકો ની આસ્થા વધવા લાગી,,જેન અજ્ઞાપે આજે માત્ર ગુજરાત જ નહિ રાજસ્થાન અને મહારાષ્ટ્ર થી પણ ભક્તો ભગવાન નારસુન્ગા ના દર્શને આવતા હોય છે,,જેના લીધે ભક્તો તરફ થી મળતી દાન ની રકમ માં પણ વધારો થવા લાગ્યો,,દર વર્ષે ૬-૭ લાખ ની આવક ધરાવતા આ મંદિર નો છેલ્લા ૨૫ વરસો થી ખુબ જ વિકાસ થયો છે. મંદિર ની આસપાસ રમણીય નજારો હોવા થી અહી ભક્તો મોટી સંખ્યા માં દર્શન ની સાથે સાથે ફરવા માટે પણ આવતા હોય છે...

અહી દર ચોમાસા ની ચૌદસ ના દિવસે ગ્રામજનો ઢોલ નગર સાથે વાજતે ગાજતે મંદિર ના પ્રાંગણ માં આવી નાચગાન કરે છે,,અહી આવતા ભક્તો ની સુવિધા માટે મંદિર ટ્રસ્ટ દ્વારા ભગવાન ના ફોટા તેમજ તેમજ તેના પર બનાવેલ ભજન નું બોર્ડ પણ વિશેષ રૂપે લગાવવા માં આવ્યું છે, ભક્તો ની સુવિધા માટે દર પાંચમે મંદિર ટ્રસ્ટ તરફ થી વિના મુલ્યે ચા નાસ્તા ની સુવિધા પણ પૂરી પાડવા માં આવે છે....

# મોડાસા બાયપાસ પાસે કારમાંથી રૂ. ૨.૯૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા.૧૧

ગુજરાત રાજયમાં દારૂબંધી અમલમાં હોવાથી તેની સરહદ નજીકથી આંતરરાજય બુટલેગરો દ્વારા નિતનવા નુસખા અપનાવી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવા હંમેશા પ્રયત્નશીલ રહેતા હોય છે ત્યારે આજે મોડાસા એલ.સી.બી. પોલીસે મોડાસા બાયપાસ રોડ પર આવેલી સહયોગ ચોકડી પાસેથી હરિયાણા તરફથી આવતી લકઝરીયસ કાર શંકાસ્પદ જણાતાં અટકાવી તલાશી લેતાં કારમાંથી રૂ. ૨.૬૯ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાઈ ગયો હતો. કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો જયારે અન્ય એક આરોપી ઝડપાઈ ગયો હતો. ફરાર કાર ચાલકને ઝડપી પાડવા અરવલ્લી એલસીબી પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલિસ મહાનિરિક્ષક ગાંધીનગરની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા અરવલ્લી જિલ્લા પોલિસ અધિક્ષક મયુર ચાવડાની સૂચના અંતર્ગત જિલ્લામાં વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોને ઝડપી પાડવા સૂચના આપતાં અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે આજે મોડાસા બાયપાસ રોડ પાસે આવેલી સહયોગ ચોકડી નજીક આંતરરાજય વાહનોની સઘન તપાસ હાથ ધરતાં હરિયાણા તરફથી આવતી લકઝુરીયસ કાર હોન્ડાસીટીની ઝડપ શંકાસ્પદ લાગતા મોડાસા એલસીબી હોન્ડાસીટી કારની તલાશી લેતાં કારની અંદર છુપાવીને રાખેલો વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૪૪૮ બોટલ નંગ કિંમત રૂ. ૨,૬૯,૬૦૦ તેમજ કારની કિંમત ૨.૨૫ લાખ તથા મોબાઈલ ફોન નંગ ૧ કિંમત રૂ.૧૦૦૦ અને ૬૦૦ રૂ. રોકડા મળી કુલ રૂ. ૪,૬૯,૨૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ એક આરોપી પરવેશ શ્રીકિશ સોબતરામ બ્રાહ્મણ (રહે. ઈ-૨૭ રામનગર, કરનાલ, હરિયાણા)ને ઝડપી પાડયો હતો. જયારે કાર ચાલક રાજેશ રામપ્રસાદ વાલ્મીકી (રહે. રોહતક, હરિયાણા) કાર મુકીને ફરાર થઈ જતાં અરવલ્લી જિલ્લા પોલિસે ફરાર કાર ચાલક આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. જયારે ઝડપાયેલ આરોપીને પ્રોહીબીશન એકટ હેઠળ જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


(તસવીર : જય અમીન, મોડાસા)



# પાલનપુરમાં ટ્રેનમાં મુસાફરી દરમિયાન મહિલાના ગળામાંથી દાગીના ખેંચાયા

પાલનપુર, તા. ૧૧

પાલનપુર-આબુ રોડ વચ્ચે ટ્રેનમાં મુસાફરી કરતી રાજસ્થાનની યુવતીના ગળામાં રહેલ દાગીનાને કોઈ ગઠીયો નજર ચુકવી પલાયન થઈ ગયો હતો. જે અંગે પાલનપુર રેલવે સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મુંબઈ-અજમેર ટ્રનમાં રાજસ્થાનનું ખંડેલવાલ પરિવાર મુસાફરી કરી રહ્યું હતુ. દરમિયાન આ ટ્રેન પાલનપુર પહોંચતા ભવરલાલ ખંડેલવાલની પરિણિત દિકરી ગીરજાના ગળામાં રહેલ સોનાનું મંગળસૂત્ર અને સોનાનો દોરો કિં. રૂ. ૪૮,૦૦૦ કોઈ અજાણ્યો ગઠીયો નજર ચુકવી પલાયન થઈ ગયો હતો. થોડીવાર બાદ યુવતીને ચોરી અંગે જાણ થતા તુરંત તેના પિતાને આ બનાવની જાણ કરી હતી જેથી તેના પિતા ભવરલાલે આ અંગે પાલનપુર રેલવે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA
ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦